प्रुણा International School
Shree Swaminarayan Gurukul, Zundal

| SUMMATIVE ASSIGNMENT -2 2021-22 | |
|---|---|
| Grade – 7 | Subject- GUJARATI |
| Syllabus – CH-8,9,10,11,12,14,15 FROM TEXTBOOK | |

- **The Paper will be divided into four sections.**

**[ READING SECTION]**

1) કશ્મીરનું સૌંદર્ય એક વાર જોયુ તો ભુલાય એવું નથી. એવી રીતે ન ભુલાય એવી કશ્મીરની બીજી વસ્તુ તે ત્યાંની કડકડતી ઠંડી. એક વાર એ ઠંડી અનુભવી તો જિંદગીમાં કદી ભુલાય નહિ. ઠંડીનું જોર વધે કે ત્યાંના લોકો પટ્ટુનાં લાંબા લાંબા ડગલા પહેરે છે. બાંય તો એવી રાખેને કે તે આંગળાને ઢાંકીને પણ છેક નીચે લબડતી રહે. હાથ બહાર રાખ્યો કે ઠંડીમાં ખોટો થયો સમજવો. આથી ત્યાંના લોકો ઠંડીમા હાથ બહાર કાઢતા જ નથી. કંઇ ખાવાનું વેચાતું લે તો તે બાયના છેડા પર જ લે, અને એને બાય વડે જ પકડે. કશ્મીરનાં લોકોને આ ઠંડીની કંઇક ટેવ પણ ખરી, પણ બહારના મુસાફરોને તો એ ઠંડી વીંછીની જેમ ડંખ મારે. આથી મુસાફરો નેતરની ટોપલીમાં ગરમ સગડી મૂકે છે અને ગળે બાંધીને ફરે છે.

પ્રશ્નો 1 ) કશ્મીરની કઇ વસ્તુઓ યાદ રહી જાય એવી છે ?

2) કશ્મીરના લોકો ઠંડીથી બચવા શું કરે છે?

3) છોકરાઓ બાયમાથી હાથ કેમ કાઢતા નથી ?

4) મુસાફરો ઠંડીથી બચવા શુ કરે છે?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

2) સારા પુસ્તક જેવો કોઇ મિત્ર નથી. તે આપણને સાચું માર્ગદર્શન આપે છે. તે આપણને સારા કામો કરવાનું પ્રોત્સાહન આપે છે. સારાં પુસ્તકો આપણને સુખદુ:ખમાં સમભાવથી રહેવાનું બળ આપે છે. મહાપુરુષોનાં જીવનચરીત્રો વાંચવાથી આપણને વિપત્તિમાં પણ શાંતિ અને ધીરજ જાળવી રાખવાની પ્રેરણા

મળે છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં હિંમત, બહાદુરી, દયા, પ્રેમ, ક્ષમા વગેરે ગુણોનો વિકાસ થાય છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં સારું – નરસું, સાચું – ખોટું પારખવાની આપણી શક્તિ ખીલે છે.

પ્રશ્નો 1 ) સૌથી શ્રેષ્ઠ મિત્ર કોણ છે ?

2) પુસ્તકો આપણને શેનું પ્રોત્સાહન આપે છે ?

3) મહાપુરુષોના જીવનચરિત્રો વાંચવાંથી શેની પ્રેરણા મળે છે ?

4) પુસ્તકો વાંચવાથી આપણામાં કેવાં ગુણોનો વિકાસ થાય છે ?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

આખરે ઉજાગરાનો અંત આવ્યો :
લગન ઊકલી ગયાં.
મા હવે,
ઘરની ચીજ વસ્તુઓ ગણે છે.
સંભારી સંભારી મેળવે છે.
સંભાળી સંભાળી ગોઠવે છે.
થાળી , વાટકા, ગ્લાસ, ડીશ,
બધું બરાબર છે.
ક્યાંય કશુય ખોવાયું નથી,
કશુંય ગયું નથી પણ
અચાનક કઇક યાદ આવતાં
એ ઓરડા વચ્ચે

ઉભી રહી જાય છે,
આંખોમાથી ટપકું ટપકું થાય છે.
ખારો ખારો પ્રશ્ન :
'મારી દીકરી ક્યાં?'

પ્રશ્નો : 1) ઉજાગરાનો અંત ક્યારે આવ્યો ?

2) મા કઇ વસ્તુઓ મેળવે છે ?

3) મા ઓરડા વચ્ચે શા માટે ઊભી રહી જાય છે ?

4) ઘરમાં કોણ નથી ?

5) કાવ્યને યોગ્ય શિર્ષક આપો.

**[WRITING SECTION ]**

## Q . 2 (A) નીચેના વિશે નિબંધ લખો.

1) ઝાડ આપણું જીવન 2) મારું શહેર

નીચેના મુદ્દા પરથી વાર્તા લખો.

1) એક જંગલ - સિંહનો ત્રાસ - દરરોજ પશુઓની હત્યા - પશુઓની સિંહને વિનંતી - દરરોજ એક પશુ મોકલવાનો નિર્ણય - સસલાનો વારો - સસલાનું સિહ પાસે મોડા પહોચવું - સિંહનુ ગુસ્સે થવું - સસલાનું સિંહને કૂવા પાસે લઇ જવું - કૂવામાં સિંહને પોતાનો પડછાયો દેખાવો - સિંહનુ કૂવામાં કૂદિ પડવું - સસલાનું બચી જવું - બોધ.

<u>સસલાની ચતુરાઇ</u>

એક મોટું જંગલ હતું. તેમાં એક સિંહ રહેતો હતો. જે ખુબ જ તાકાતવાળો હતો. રોજ કેટલાય પશુંઓને મારી નાખતો હતો. એટલે બધાય જનાવરોએ ભેગા થયા. ભેગા થઇને વિચાર્યુ કે જો આમ જ સિંહ બધાને મારી નાખશે તો એક દિવસ આખુ જંગલ ખાલી થઇ જશે.

બધા જાનવરો એ નક્કી કર્યુ અને સિહને મળવા ગયા અને સિંહને કીધુ તમારે કોઇનો શિકાર કરવા જવું નહિ, અમે દરરોજ એક જાનવર તમારી પાસે આવી જઇશું તેને તમારે ખાઇ જવાનુ. સિહે હા પાડી એટલે દરેક જાનવર સિંહ જોડે જવા લાગ્યો.

એક વખત સસલાનો વારો આવ્યો. એટલે સસલાએ એક ઉપાય કર્યો તે સિંહ પાસે મોડો પહોચ્યો, સિંહ ગુસ્સે થયો તો સસલાએ કહ્યુ મહારાજ તમારા જેવોજ એક સિંહજંગલમાં આવ્યો છે તો એનાથી બચીને આવતા મારે મોડુ થઇ ગયુ. સિંહ ગુસ્સે થયો અને બીજા સિંહને બતાવવા કહ્યું.

સસલો તેને કૂવા પાસે લઇ ગયો કૂવામાં સિંહે તેનુ જ પ્રતિબિંબ જોયુ. એટલે તેને ત્રાડ પાડી પણ પોતાનો જ પડઘો પડવાથી તેને લાગ્યુ કે અંદરબીજો સિંહ છે તો તરત તે કૂવામાં કૂદી પડ્યો અને સિહ મરી ગયો.

આમ સસલાના ઉપાયથી સિહ મરી ગયો અને તે બચી ગયો.

2) અક્બરનો દરબાર – એકસરખા બે ફૂલ – એક સાચું, એક બનાવટી – ફૂલને સ્પર્શ કર્યા વિના દૂરથી ઓળખવાની પરીક્ષા – બધા દરબારીઓની મૂંઝવણ – બિરબલની યુક્તિ – મધમાખીને પકડી લાવવી – ઉત્તર આપવો – બાદશાહની બિરબલને શાબાશી - બોધ.

## બિરબલની યુક્તિ

અકબર એક રાજા હતો. તેના દરબારમાં ઘણા બધા લોકો હતા પણ બિરબલ હાજરજવાબી અને બુદ્ધિચાતુર્ય માટે જાણીતો હતો. અકબર ઘણી વખત પોતાના દરબારમાં નવી નવી વાતો લાવતો. જે સારુ કામ કરે તેને ઇનામ પણ આપતો.

એક વખત અકબર રાજા પોતાના દરબારમાં એક જેવા જ બે ફૂલ લઇને આવ્યા.તેમાં એક ફૂલ સાચું છે અને એક ફૂલ બનાવટી છે. પરંતુ તેને સ્પર્શ કર્યા વગર બધાયે તેને ઓળખી બતાવવાનુ હતું. કોઇ તેનો જવાબ આપી શકતુ નથી કેમકે તે બન્ને ફૂલ એક સરખા જ લાગતા હતા.

કોઇ જવાબ આપી શકતુ ન હતું અકબરે બિરબલ સામે જોયું તો બિરબલ તરત પોતાના સ્થાનેથી ઊઠીને બહારથી એક મધમાખી મધમાખી પકડી લાવ્યો. મધમાખી તરત જે સાચુ ફૂલ હતુ તે ફૂલ પર બેઠી.

આમ બિરબલે ખુબ હોશીયારીથી ફૂલ ઓળખી બતાવ્યું.

**[GRAMMAR SECTION]**

**Q .3 (A) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | પૂર્વ | = | ઉગમણું | 2) | ગગન | = | આકાશ |
| 3) | ઠેકડો | = | કૂદકો | 4) | પહાડ | = | ડુંગર |
| 5) | કાંઠો | = | કિનારો | 6) | ગફલત | = | બેદરકારી |
| 7) | રાત્રી | = | રાત | 8) | નિર્ણય | = | ફેંસલો |
| 9) | પરિશ્રમ | = | મહેનત | 10) | માર્ગ | = | રસ્તો |
| 11) | મહેનત | = | પુરુષાર્થ | 12) | કૂદકો | = | છલાંગ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 13) | સ્પર્ધા | = | હરીફાઇ | 14) | નયન | = | આંખ |
| 15) | ઉદ્યમ | = | મહેનત | | | | |

## (B) નીચે આપેલા શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ઉગમણું | x | આથમણું | 2) | પ્રકાશ | x | અંધકાર |
| 3) | નાનું | x | મોટું | 4) | આકાશ | x | પાતાળ |
| 5) | પ્રામાણિકતા | x | પ્રામાણિકતા | 6) | શુદ્ધ | x | અશુદ્ધ |
| 7) | ગેરસમજણ | x | સમજણ | 8) | ખર્ચ | x | બચત |
| 9) | ઇચ્છા | x | અનિચ્છા | 10) | નિરાંત | x | ઉતાવળ |
| 11) | પ્રગતિ | x | અધોગતિ | 12) | સંતોષ | x | અસંતોષ |
| 13) | હાજર | X | ગેરહાજર | 14) | આશા | X | નિરાશા |
| 15) | પહેલો | X | છેલ્લો | 16) | જીત | X | હાર |
| 17) | કંજૂસ | X | ઉદાર | 18) | કડવું | X | મીઠું |
| 19) | મુશ્કેલ | X | સરળ | 20) | વધવું | X | ઘટવું |

## (C) નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

1) ઉમંગ : વર્ગમાં છોકરાઓ ઉમંગથી ભણે છે.

2) ચોપાસ : મારી ચોપાસ ફૂલોના છોડ હતા.

3) ચકચૂર : પૈસાના નશામાં તે ચકચૂર થઇ ગયો.

4) સૂર : સંગીતના સૂર સાથે મંદિરમાં ભજન ગવાય છે.

5) છલંગ : મોહને પાણીમાં છલંગ મારી.

6) મુશ્કેલ : કોઇ કામ મુશ્કેલ હોય છે પણ અશક્ય નહિ.

7) જૂઠું : આપણે કોઇ દિવસ જૂઠું બોલવુ જોઇએ નહિ.

8) શીતળ : ઝાડનો છાયો શીતળ હોય છે.

9) ભાગ્ય : જેના ભાગ્યમાં જે હોય એ જ મળે છે.

## (D) નીચેના શબ્દસમૂહો માટે એક – એક શબ્દ આપો.

1) ઝાડ તેમજ વનરાજિથી ઘટાદાર – કુંજાર

2) સિક્કા સાચવી રાખવાની પટ્ટા જેવી કોથળી - વાંસણી

3) મુસાફરી દરમિયાન ખરચ માટેની રકમ - વાટખરચી

4) પૂરના પાણીની ઝડપે દોડનાર - પાણીપંથા

5) ઘોડાને બાંધવાની જગ્યા - તબેલો

6) ગાયોનું મોટું ટોળું - ધણ

7) પશુને ખાવાનું અનાજ - જોગાણ

8) પવનથી ઊડેલા વરસાદના છાંટા – વાછટ

**[LITERATURE SECTION ]**

## Q.4 (A) નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો.

1) ઉગમણે આભમાં શું દેખાય છે ?

જ) ઉગમણે આભમાં જુદા જુદા રંગો રેલાતા દેખાય છે.

2) ચરણોમાં ચાલવાનો ઉમંગ શા માટે ઊછળે છે ?

જ) કુદરતની સુંદરતા અને વાતાવરણની તાજગીને લીધે ચરણોમાં ચાલવાનો ઉમંગ ઉછળે છે.

4) મન ક્યાં આળોટે છે ?

જ) દૂર અને પાસે પથરાયેલા લીલા ઘાસ પરના ઝાકળમાં મન આળોટે છે.

5) વાયુ શાથી ચકચૂર છે ?

જ) ધરતીની સોડમ પીને વાયુ ચકચૂર છે.

6) ઝાકળમાં કોના સૂર રેલાઇ રહ્યા છે ?

જ) ઝાકળમાં કિરણોના ઝીણા સૂર રેલાઇ રહ્યા છે.

7) વાલો કેસરિયો કોણ હતો ?

જ) વાલો કેસરિયો ગરણી ગામનો ચારણ હતો.

8) વાલો કેસરિયો શેનો વેપારી હતો ?

જ) વાલો કેસરિયો ઘોડા લેવા-વેચવાનો ધંધો કરનાર વેપારી હતો.

9) વાલા કેસરિયાની કદર કોણે કરી ?

જ) વાલા કેસરિયાની કદર અમરેલીના સૂબા રાઘોબાએ કરી.

10) શિક્ષક અબ્રાહમને ખુશીથી પુસ્તક શા માટે આપે છે ?

જ) અબ્રાહમ વાંચન માટે જિજ્ઞાસુ છે. તેથી શિક્ષક તેને ખુશીથી પુસ્તક આપે છે.

11) પુસ્તક સાથી પલળી ગયું ?

જ) રાત્રે પડેલા વરસાદની વાછટથી પુસ્તક પલળી ગયુ.

12) કાવ્યમાં વા' લો શબ્દ કોના માટે વપરાયો છે ?

જ) કાવ્યમાં વા' લો શબ્દ શ્રીકૃષ્ણ માટે વપરાયો છે.

13) હિંડોળો ક્યાં બાંધેલો છે ?

જ) હિંડોળો આંબાની ડાળે,સોનાની સાંકળ અને ચાંદીનાં કડાં વડે બાંધેલો છે.

14) વોલ્ટરના શરીર પર લકવાની શી અસર થઇ ?

જ) લકવાને લીધે વોલ્ટરનાં હાથ પગ કામ કરતા બંધ થઇ ગયા.

15) દાક્તરોએ વોલ્ટરના રોગ વિશે શો અભિપ્રાય આપ્યો ?

જ) દાક્તરોએ વોલ્ટરના રોગ વિશે અભિપ્રાય આપતા કહ્યુ કે તે જાતે હાથ પગ હલાવી શક્શે નહિ, તેણે જિંદગીભર વ્હીલચેરની સહાય લેવી પડશે.

16) માતાએ પુત્રને શી પ્રેરણા આપી ?

જ) માતાએ પુત્રને પ્રેરણા આપતા કહ્યુ કે ' તું હિંમત નહિ હારે તો જે ધારીશ એ કરી શકીશ.

17) ઊંચા કૂદકાની સ્પર્ધા જોઇ વોલ્ટરે શો સંકલ્પ કર્યો ?

જ) ઊંચા કૂદકાની સ્પર્ધા જોઇ વોલ્ટરે સંકલ્પ કર્યો કે ' ભલે મારું શરીર આજે અપંગ હોય, પણ એક દિવસ એવો આવશે કે વિશ્વનો કોઇ ખેલાડી મારી બરાબરી કરી શકશે નહિ '.

18) કોની ટોળી આવી રહી છે ?

જ) ઘેરૈયાની ટોળી આવી રહી છે.

19) ટોળાએ મર્યાદા વટાવતાં શું કર્યું ?

જ) ટોળાએ મર્યાદા વટાવતાં, કાકાની ટોપી ઉછાળી.

20) નખરા છોડીને કવિ શું કરવાનું કહે છે ?

જ) નખરા છોડીને કવિ આનંદ માણવાનું કહે છે.

## (B) નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) છલંગ મારીને મન શા માટે ધરતી પર આળોટે છે ?

જ) દૂર અને પાસે લીલુંછમ ઘાસ ઊગ્યુ છે. ધરતીની સોડમ પીને વાયુ ચકચૂર બન્યો છે. ઘાસ ઉપર ઝાકળ છવાયું છે. ઝાકળમાં સૂર્યનાં કિરણોનો ઝીણો સૂર સંભળાઇ રહ્યો છે. આવા સુંદર અને તાજગીભર્યા વાતાવરણમાં મન છલાંગ મારીને ધરતી પર આળોટે છે.

2) સવાર થતાં કુદરતમાં કેવા ફેરફાર થાય છે ?

જ) સવાર થતા, પૂર્વનાં આકાશમાં રંગો રેલાય છે. પંખીઓ કલશોર કરતા ઊડવા લાગે છે. સૂર્યના અજવાળામાં પહાડ, નદી અને મેદાનો સ્પષ્ટ દેખાય છે. લીલા ઘાસ પરથી પવન વાય છે. ઝાકળ પર પડેલા સૂર્યનાં કિરનો ઝળહળે છે. આમ, સવાર થતા કુદરતી વાતાવરણમાં જાતજાતનાં ફેરફાર થાયા છે.

3) કેસરિયાએ વડોદરાને રામરામ કરવાનું શા માટે વિચાર્યું ?

જ) કેસરિયો પોતાનાં ઘોડા વેચવાં વડોદરા આવ્યો હતો. મન ઠરી જાય એવા ઘોડા જોઇને, સૌ રાજી રાજી થઇ જતાં, પણ ઘોડાની કિંમત સાંભળીને તે પાછા વળી જતા. એકેય ઘોડો વેચાતો નહોતો, તેથી કેસરિયાએ વડોદરાને રામરામ કરવાનું વિચાર્યું.

4) વાલો કેસરિયો ઘોડાની લગામ તાણી શા માટે ઊભો રહી ગયો ?

જ) વાલો કેસરિયો વડોદરાની બહાર નિકળ્યો. ત્યાં એણે એક ખોરડું જોયું. ખોરડાની બહાર ગોદડાં, વાસણ, ઘરની નાનીમોટી જણસોનાં પોટલાં પડ્યાં હતાં. કાળજા કંપાવે એવા, નાનાં છોકરાંના બૂમબરાડા તેણે સાંભળ્યા. એ દ્રશ્ય જોઇને વાલો કેસરિયો ઘોડાની લગામ તાણીને ઊભો રહી ગયો.

5) રાઘોબાએ કેસરિયાની કદર કેવી રીતે કરી ?

જ) અમરેલીના સૂબા રાઘોબાએ કેસરિયાને પોતાની કચેરીમાં માન-મરતબા સાથે બોલાઅવ્યો. તાંબાના પતરામાં સૂર્ય – ચંદ્ર રહે ત્યાં સુધી ગરણી ગામ બક્ષિસ તરીકે તેને લખી આપ્યુ. આ રીતે રાઘોબાએ કેસરિયાની કદર કરી.

6) પુસ્તક ખરાબ થઇ જવાથી અબ્રાહમ લિંકન શું વિચારે છે ?

જ) પુસ્તક વાછટમાં પલળી જવાથી ખરાબ થઇ ગયુ હતું. સાહેબને હવે શો જવાબ આપવો? કેમ કે પુસ્તક અબ્રાહમ લિંકનને વાંચવા આપ્યુ હતું. તે વિચારે છે : મારી પાસે એટલા પૈસા પણ નથી કે નવી ચોપડી લાવીને સાહેબને આપી શકુ. સાહેબને જઇને એમ કહું કે પુસ્તક કોઇ ચોરી ગયુ છે? અથવા એમ કહું કે તે રસ્તામાં પડી ગયુ છે? ના..ન... અસત્ય યો ન જ બોલવું- લિંકન આવા અનેક વિચારો કરે છે.

7) અબ્રાહમ લિકન સાહેબ પાસે જઇને શી વાત કરે છે ?

જ) અબ્રાહમ લિંકન સાહેબ પાસે જઇને કહે છે : “સાહેબ, મારાથી એક ગફલત થઇ ગઇ છે. વાંચતાં વાંચતાં પુસ્તક નીચે પડી ગયું. હું ઊંઘી ગયેલો. રાત્રે ખૂબ વરસાદ પડ્યો, એમાં બારી વાટે ઘરમાં પાણી ભરાયું. પુસ્તક પલળી ગયું. વાંચવાના કામનું રહ્યું નથી. હું ગુનેગાર છુ, સાહેબ ! “.

8) આપણે કેવા ઘેર ન જવું જોઇએ ? શાં માટે ?

જ) જે ઘર આપણને આવકાર અને આદર ન મળતાં હોય તે ઘરે આપણે જવું જોઇએ. જ્યાં ધન વૈભવને જ મહત્વ અપાતું હોય અને માણસ માટે પ્રેમભાવ જ ના હોય તો ત્યાં જવાથી શો ફાયદો?.

9) ‘પારકી આશ સદા નિરાશ’ – આ કહેવત પહેલા સુભાષિતના આધારે સમજાવો.

જ) આપણે બીજા પર આધાર રાખીએ તો આપણને નિરાશા જ મળે છે. આપણું કામ જાતે જ કરવું જોઇએ. આપણું કામ કરવામાં આપણને જેટલો રસ હોય એટલો બીજાને હોતો નથી. આમ, પારકી આશા રાખવામાં આપણને દુ:ખ અને નિરાશા જ મળે છે. માટે સૌએ પોતાનું કામ પોતે જ કરવું જોઇએ.